ક્રમાંક : અનદ-૧/ધ/માધ્ય/૨૦૧૯/ ૧૮૨૪૩

કમિશનર શાળાઓની કચેરી,
બ્લૉક નં. ૯/૧, ડૉ. જી.એમ. ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૩૦/૦૯/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચ/ એસએચ-૨/ બીએમએસ/૧૧૦૯/ ૧૯૦૬/ જી તા.૧૧/૦૨/૧૧ તથા વખતોવખત થયેલ સુધારા

(૨) બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના પાંચમા રાઉન્ડના જાહેરાતની તારીખ:૧૯/૦૯/૨૦

કચેરી આદેશ:-

રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ષ-૨૦૧૬ની શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયા અંગે પાંચમા રાઉન્ડની કાર્યવાહી કરવા અંગે વર્તમાનપત્રોમાં તા.૧૯/૯/૨૦૨૦ના રોજ જાહેરાત આપવામાં આવેલ છે. જાહેરાતમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે કે "વેબસાઇટ પર મુકેલ ચાર ગણા ઉમેદવારોની યાદી (PML-1) માં દર્શાવેલ ઉમેદવારોના મેરીટ જેટલુ કે તેનાથી વધારે મેરીટ ધરાવતા ઉમેદવારોએ અગાઉ ૧ થી ૪ રાઉન્ડ દરમ્યાન જે તે રાઉન્ડ સમયે પોતાની ઓનલાઇન જિલ્લા પસંદગી આપેલ હોય અને તેઓની ઓનલાઇન જિલ્લા ફાળવણી થયેલ હોય, પરંતુ તેઓના મેરીટ ફેરફારને કારણે આજ દિન સુધી શાળા ફાળવણી થઇ શકેલ ન હોય તેમ છતાં તેઓનું નામ અત્રેથી પ્રસિધ્ધ કરેલ યાદીમાં ન હોય તેવા ઉમેદવારોએ તા.૨૧/૦૯/૨૦૨૦ ના સવારે ૧૦.૩૦ કલાકથી તા.૨૫/૦૯/૨૦૨૦ ના સાંજે ૧૮:૧૦ કલાક સુધીમાં માધ્યમિક શાખા, કમિશનર શાળાઓની કચેરી, બ્લૉક-૯/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન ખાતે તમામ માન્ય આધાર પુરાવાઓ સહિત રૂબરૂમાં અરજી આપવાની રહેશે"

ઉપરોક્ત વિગતે બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા વર્ષ-૨૦૧૬ ના પાંચમા રાઉન્ડના PML-1 અન્વયે સદર કચેરીને કુલ ૧૭૬ અરજીઓ મળેલ છે આ અરજીઓની અત્રેથી Index-Bના ડેટા,જિલ્લા કક્ષાએથી ઉપલબ્ધ વિગતો તથા સરકારશ્રીના સંબંધિત ઠરાવો/જાહેરનામા/પરિપત્રોની જોગવાઇઓને આધિન ચોકસાઇ પૂર્વક ચકાસણી કરવામાં આવેલ છે અને ચકાસણી બાદ આ અરજીઓ પૈકી માન્ય/અમાન્ય/દફ્તરે કરવાપાત્ર અરજીઓની વિગતો http://gserb.orpgujarat.com/ વેબસાઇટ પર મુકવામાં આવેલ છે આથી જેની નોંધ લેવા તમામ સંબંધિત ઉમેદવારોને જણાવવામાં આવે છે તથા વેબસાઇટ પર મુકેલ માન્ય અરજીની યાદીમાં સમાવિષ્ટ થયેલ ઉમેદવારોએ પોતાના લાયકાતી ગુણપત્રકો / પ્રમાણપત્રકોની ચકાસણી માટેનો કોલ લેટર http://gserb.orpgujarat.com વેબસાઈટ પર તા.૦૧/૧૦/૨૦૨૦ ના રોજ ૧૦.૩૦ કલાકથી તા.૦૫/૧૦/૨૦૨૦ ના રોજ ૬.૧૦ કલાક સુધી ડાઉનલોડ કરવાનો રહેશે.

ડોક્યુમેન્ટ વેરીફીકેશનમાં કોલ લેટરમાં દર્શાવેલ તારીખ,સમય અને સ્થળે ગેરહાજર રહેનાર તેમજ કોલ લેટર ડાઉનલોડ ન કરનાર ઉમેદવારો સદર ભરતી પ્રકીયાના પાંચમા રાઉન્ડ અન્વયે પોતાનો હક્ક દાવો જતો કરવા ઈચ્છે છે, તેમ માની સદર ભરતી પ્રકીયામાં તેઓનો સમાવેશ કરવામાં આવશે નહીં અને આ અંગે ઉમેદવારોની કોઈ પણ લેખિત કે મૌખિક રજુઆત પણ ધ્યાને લેવામાં આવશે નહીં. જેની સંબંધિત ઉમેદવારોને ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

(સભ્ય સચિવ)
ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની
પસંદગી સમિતિ અને સંયુક્ત શિક્ષણ
નિયામક (માધ્યમિક) ગુ.રા,ગાંધીનગર

-પ્રતિ,
જનરલ મેનેજરશ્રી, Index-B, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
વેબસાઇટ પર અપલોડ કરવાની કાર્યવાહી સારૂ.